# ભાંગ્યા પણ હાર્યા નહી...

## બનાસકાંઠામાં ૨૦૧૭માં સર્જાયેલ અતિવૃષ્ટિ અને પૂરની પરિસ્થિતિનો અહેવાલ


**પ્રયોજક**

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા),
સફલ પેલ્યુડની સામે, અશ્વરાજબંગ્લોઝ પાછળ, કોર્પોરેટરોડ,
પ્રહલાદનગર ગાર્ડન પાસે, પ્રહલાદનગર, અમદાવાદ – ૩૮૦૦૧૫
ફોન નંબર (૭૯) ૨૬૯૧૯૯૦૦

**પ્રસ્તુતકર્તા**

રુરલ ડેવલપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યુટ (રૂડમી)
૪૧૧/૧, એસ. જી. રોડ, નન્દિની નિલયમ્ સંસ્કૃતિ સભા ગૃહની બાજુમાં,
પંજાબ નેશનલ બેન્કની બાજુમાં, ગોતા ચાર રસ્તા, ગોતા,
અમદાવાદ – ૩૮૨૪૮૧  ફોન નંબર – (૦૭૯)૨૭૬૬૩૬૩૩/૩૨૨૦
ઇ મેઇલ – rudmi1997@gmail.com






# અનુક્રમણિકા


| ક્રમ | શીર્ષક | પેજ નંબર |
| --- | --- | --- |
| ૧. | બનાસકાંઠા: એક પરિચય | ૧ |
| ૨. | પૂર ૨૦૧૫ | ૩ |
| ૩. | પૂર ૨૦૧૭ | ૪ |
| ૪. | માનનીય પ્રધાનમંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીની મુલાકાત | ૬ |
| ૫. | રાહત કામગીરી | ૭ |
| ૬. | ચેતવણી અને સ્થળાંતર | ૭ |
| ૭. | રાહત કાર્ય | ૯ |
| ૮. | સફાઇ ઝુંબેશ | ૧૦ |
| ૯. | આરોગ્ય વિષયક કામગીરી | ૧૧ |
| ૧૦. | સંચારવ્યવસ્થા | ૧૨ |
| ૧૧. | સુરક્ષા કામગીરી | ૧૨ |
| ૧૨. | રાહત, પ્રાથમિક સર્વે અને વિતરણ કામગીરી | ૧૨ |
| ૧૩. | પ્રાથમિક અંદાજો | ૧૩ |
| ૧૪. | રાહત ફંડની વ્યવસ્થા | ૧૫ |
| ૧૫. | પુન:સ્થાપનનો તબક્કો | ૧૭ |
| ૧૬. | પૂરરાહત અને વ્યવસ્થા | ૧૮ |
| ૧૭. | એકંદર વ્યવસ્થાપન અને રાહત કાર્યવાહીનું વિહંગાવલોકન | ૧૯ |
| ૧૮. | લોકોના પ્રતિભાવ | ૨૦ |
| ૧૯. | ભાવિ માટેના સૂચનો | ૨૧ |
| પરિશિષ્ટ –૧ | છેલ્લા દસ વર્ષનો વર્ષવાર તથા સરેરાશ વરસાદ (મીલીમીટરમાં) | ૨૩ |
| પરિશિષ્ટ –૨ | બનાસકાંઠા જિલ્લામાં જૂલાઇ માસમાં પડેલ વરસાદની દિવસવાર વિગત (મીલીમીટરમાં) | ૨૪ |
| પરિશિષ્ટ –૩ | રૂબરૂ મુલાકાતીઓના નામ | ૨૫ |



## બનાસકાંઠા: એક પરિચય




બનાસકાંઠા એ બનાસ નદીની આસપાસ વસેલો પ્રદેશ છે. બનાસકાંઠા જિલ્લાની ઉત્તરે રાજસ્થાન, પૂર્વમાં સાબરકાંઠા, દક્ષિણમાં મહેસાણા જિલ્લો આવેલ છે,પશ્ચિમમાં પાટણ જિલ્લો તથા કચ્છનું રણ છે. વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાતનો ત્રીજા નંબરનો જિલ્લો છે. બનાસ સૌથી મોટી નદી છે, તે રાજસ્થાનમાંથી પાલનપુર નજીકથી આ જિલ્લામાં પ્રવેશે છે. અન્ય નદીઓમાં સીપુ અને બાલારામ નદીઓ દાંતા અને અંબાજીની અરવલ્લીની ટેકરીઓમાંથી નીકળી બનાસને મળે છે. સરસ્વતી નદી કોટેશ્વરમાંથી નીકળી પાટણમાં થઇ કચ્છના રણમાં સમાય છે. આ ઉપરાંત બીજી નાની નદીઓ છે જે સરસ્વતી કે બનાસમાં મળી જાય છે અથવા અંત:સ્ત્રોતા થઇ જાય છે.

બનાસ નદી પર દાંતીવાડા ડેમ, સરસ્વતી નદી પર મુક્તેશ્વર ડેમ, સીપુ નદી પર સીપુ ડેમ બાંધવામાં આવેલ છે. હાલ પાણીના અન્ય સ્ત્રોતોમાં નર્મદાની મુખ્ય નહેર કાંકરેજ, ભાભર, વાવ, સૂઇગામ અને થરાદની જીવાદોરી છે.જિલ્લામાં સરેરાશ વરસાદ ૬૦૦ મિલીમીટરનો છે પણ ગત વર્ષે માત્ર ૨૫૧ મિલીમીટર વરસાદ થયો હતો. આબોહવા ગરમ અને સૂકી છે. બનાસકાંઠામાં પૂરના જોખમનું પૃથ્થકરણ થયેલું છે. તે મુજબ આ વિસ્તારમાં પાંચ વર્ષે એકાદ વાર સ્થાનિક સાધનોથી પહોંચી વળાય એવા પૂરની સંભાવના રહે છે. પણ છેલ્લાં 50 વર્ષમાં ૧૯૭૩ ,૨૦૧૫ અને ૨૦૧૭ એમ ત્રણ વાર અતિભારે પૂર આવ્યા છે. વિકાસની સાથે સાથે જિલ્લામાં તળાવ ઓછા થયા છે. કેટલાંક પુરાઇ ગયા છે, તો બીજાં કેટલાંક છીછરાં થયા છે.

૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે જિલ્લાની કુલ વસ્તી ૩૧ ,૨૦ ,૫૦૬ છે. મોટા ભાગની વસ્તી ગ્રામ્ય છે. પાલનપુર અને ડીસાને બાદ કરતાં બીજા તમામ શહેરોની વસ્તી ૧ લાખ કરતાં ઓછી છે.

ખેતી અને પશુપાલન ક્ષેત્રે મોટા ભાગના લોકો કામ કરે છે. હિરા ઉદ્યોગ પાલનપુરમાં છે. પણ જિલ્લાના અર્થતંત્રનો મુખ્ય આધાર ખેતી અને પશુપાલન છે.

બનાસકાંઠામાં ૨૦૧૭ના પૂર અગાઉ પણ વધારે વરસાદ પડવાથી પૂર આવ્યા છે. બનાસ અને સરસ્વતી નદીમાં અગાઉ ૧૯૭૩માં પૂર આવ્યું હતું, જે આજે પણ લોકોની સ્મૃતિમાં છે. દાંતીવાડા ડેમમાં ગાબડુ પડવાથી ડેમનું પાણી દાંતીવાડાના આજુબાજુના ગામોમાં ફરી વળતા અનેક લોકોનું સ્થળાંતર કરવું પડયું હતું. આ પૂરમાં ૧૨.૮૦ કરોડ રૂ.(ત્યારના ભાવે)નું નૂકશાન થયું હતું, બનાસકાંઠા માટે પૂર પ્રશ્ને મોટા પાયા પર કામ કરવાનો એ પહેલો અનુભવ હતો. ત્યારબાદ ફરી ૨૦૧૫માં અને ૨૦૧૭માં પણ ભારે વરસાદ કારણે પૂરનો અનુભવ આ જિલ્લાને થયો છે.





**પૂર ૨૦૧૫**

૨૦૧૫ના જુલાઇ મહીનામાં તા.૨૭ થી તા.૨૯ દરમ્યાન બનાસકાંઠામાં અને ઉપરવાસ રાજસ્થાનમાં વરસાદ થવાથી (સરેરાશ ૨૦") અમીરગઢ, દાંતા, દાંતીવાડા, વડગામ, ડીસા, ધાનેરા, સૂઇગામ, વાવ, થરાદ, દિયોદર, લાખણી, ભાભર, તાલુકાઓમાં પાણી ફરી વળ્યા. લગભગ ૨૯૦૦ લોકોનું સ્થળાંતર કરવાં છતાં કુલ ૪૮ માનવ મૃત્યુ થયા અને ૪૦,૬૩૦ નાના મોટા પશુઓના મૃત્યુ થયા. ૭૦,૦૦૦ હેકટર જમીનમાં વાવેતર કરેલ પાક ધોવાઇ ગયા. જમીન ધોવાણ પણ ખૂબ મોટા પ્રમાણમાં થયું (૧.૧૦ લાખ હેકટર). અંશત: કાચા/પાકા મકાનો અને ઝુંપડાઓને પણ નૂકશાન થયું. ૨૦૦૮માં અસ્તિત્વમાં આવેલ જિલ્લા ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા ૨૪ કલાક કામગીરી કરી અને પૂરમાં રાહત યોગ્ય સ્થળે, યોગ્ય રીતે પહોંચે તે જોવામાં મહત્વનો ફાળો આપ્યો. જિલ્લામાં કાર્યરત ડિસ્ટ્રીકટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટી(ડી.ડી.એમ.સી.)ના વડપણ હેઠળ ચોમાસું આવતા પહેલા પ્રાપ્ત સાધનો બરાબર તપાસ્યા હતા. પૂરની સંભવિતતાનો વિચાર કરી એ માટે આયોજન પણ કરવામાં આવ્યું હતું. આમ વર્ષ ૨૦૧૫ માં પૂરને પહોંચી વળવામાં આ તૈયારીઓએ મહત્વનો ભાગ ભજવ્યો હતો.



પૂર ૨૦૧૫

## પૂર ૨૦૧૭

## ઊભી થયેલ પરિસ્થિતિનો પ્રાથમિક ચિતાર

હજી ૨૦૧૫ના પૂરને લોકો ભૂલે અને પોતાની આજિવિકાને પુન:સ્થાપિત કરે તે પહેલાં જુલાઇ ૨૦૧૭માં ફરી એક વાર રાજસ્થાનના ઉપરવાસમાં અને જિલ્લાના કેટલાંક તાલુકાઓમાં ભારે વરસાદ પડ્યો. બનાસકાંઠાના ૧૪માંથી ૭ તાલુકામાં પાણી ભરાઇ ગયા અને જનજીવન થંભી ગયું. ત્રણ દિવસમાં એટલે કે ૨૩ જુલાઇ થી ૨૫ જુલાઇ સુધીમાં રાજસ્થાનમાં ૨૪૩૭ મિલીમીટર અને બનાસકાંઠામાં ૬૨૧ મિલીમીટર થી વધારે વરસાદ પડ્યો. ૧૦ ઓગષ્ટ, ૨૦૧૭ સુધીમાં ૧૧૩૩ મિલીમીટર વરસાદ થયો, જે છેલ્લાં ૧૦ વર્ષના સરેરાશ વરસાદની સરખામણીએ આ ૧૬૯% જેટલો થાય છે. વધારામાં સીપુ અને દાંતીવાડા બંને બંધમાંથી પાણી છોડવું પડ્યું. જેતપૂરા ડેમની પરિસ્થિતિ વધારે વણસી. કાંકરેજ, થરાદ, વાવ, વગેરે તાલુકાનાં ગામોમાં નર્મદા મુખ્ય કેનાલમાં પડેલા ગાબડાને લીધે પૂર આવ્યાં. ધાનેરામાં રેલ નદીમાં પાણી આવતાના લીધે એકદમ ઘોડાપૂર આવ્યું અને લોકો સમજે તે પહેલા તો ધાનેરા શહેર અને આજુબાજુનાં ગામોમાં ૪ થી ૧૦ ફુટ પાણી ભરાઇ ગયાં. રેલ નદીમાં ભરાયેલા કાંપ અને શહેરના તળાવોમાં થયેલ ઘટાડાને લીધે આ પૂર આટલું ભયાનક બન્યું. લોકોના કહેવા પ્રમાણે ગમાલિયા, મહાજનવાડા એમ ધાનેરાના બે જૂના તળાવો પૂરાઇ ગયાં છે અને ત્યાં બાંધકામ થઇ ગયું છે. જ્યારે ઉચપલિયા તળાવ ૫ હેકટરમાંથી ૨ હેકટરનું થઇ ગયું છે અને કચરો ભરાવાથી છીછરું થઇ ગયું છે. આ બધા જ પરિબળોએ ધાનેરામાં વિકટ પરિસ્થિતિ સર્જી.









ધાનેરામાં "ખેત ઉત્પાદન બજાર સમિતિ" (એ.પી.એમ.સી)ના બજારમાં પાણી ઘુસી ગયા. કેટલાંય ઘરોમાં પાણી આવી ગયા. ઘણા ગામો સંપર્ક વિહોણા થયા. ૬૦૯ ગામમાં વીજળી પુરવઠો બંધ થયો. ૧૬૦૪૮ કિ.મી.ના રસ્તા તૂટ્યા. અનેક મકાનો અને ઝુંપડા તણાઇ ગયા કે ક્ષતિગ્રસ્ત થયા. પાક ધોવાઇ ગયો અને ખેતરો પણ ધોવાયા. ઘરોમાં અને રસ્તાઓમાં કાદવ અને કિચડ છવાઇ ગયા. લગભગ ૧૫૦૦ જેટલી શાળાઓમાં વર્ગખંડોમાં પાણી ભરાઇ જતા વર્ગસામગ્રીને નૂકશાન થયું . ઉક્તપરિસ્થિતિમાં ૭ તાલુકાના ૭૧૨ ગામો અસરગ્રસ્ત જાહેર કરવામાં આવ્યાં.

**વરસાદની સમયસારણી (૨૦૧૭ વિરુધ્ધ સરેરશ વાર્ષિક વરસાદ)**



## માનનીય પ્રધાનમંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીની મુલાકાત

ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રીશ્રીએ પરિસ્થિતિની ગંભીરતા પારખીને તારીખ ૨૪/૦૭/૨૦૧૭નાં રોજ સમગ્ર વિસ્તારની મુલાકાત લીધી હતી અને તરતજ પરિસ્થિતિ થાળે પડે ત્યાં સુધી ત્યાંજ રહેવાની અને કામની સીધી દેખરેખ રાખવાની જાહેરાત કરી. રાજ્ય તરફથી રૂ.૧૫૦૦ રાહત પેકેજની જાહેરાત કરી. તેઓ ૩૦ જુલાઇ થી ૩ ઓગષ્ટ સુધી પાલનપુરમાં જ રહ્યા અને પોતે સીધી રીતે આખી કામગીરીનું નિયમન કર્યું.

તેજ રીતે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ તારીખ ૨૫/૦૭/૨૦૧૭નાં રોજ આ વિસ્તારની મુલાકાત લીધી અને તાત્કાલિક રૂ.૫૦૦ કરોડની રાહતો જાહેર કરી અને તમામ અધિકારીઓ સાથે આવેલ આફતનો કઇ રીતે સામનો કરવો તેની રૂપરેખા અંગે ચર્ચા કરી.

આ સાથે મંત્રીમંડળના બીજાં ૭ પ્રધાનોને પણ તાલુકાવાર કામગીરી સોંપાઇ. આ બધાની હાજરીની સીધેસીધી અસર નિર્ણય લેવાની ઝડપ અને ગુણવત્તા પર પડી. આખું વહીવટીતંત્ર વધારે ઉત્તરદાયી અને સંવેદનશીલ બન્યું ત્યાં એને લીધે સંસાધનો ઊભા કરવામાં સરળતા રહી. આખા વહીવટી તંત્રમાં જે સતર્કતા, સંવેદનશીલતા અને સજ્જતા જોવા મળ્યા, તે મહદંશે માનનીય પ્રધાનમંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીની ત્વરિત નિર્ણય શક્તિને આભારી છે.



## રાહત કામગીરી

અસરગ્રસ્તોને પૂરની માઠી અસરનો વ્યાપ ઘટાડવા તથા ઊભી થયેલ પરિસ્થિતિ થાળે પાડવા ત્રણ તબક્કામાં કામગીરી કરવામાં આવી

### પહેલો તબક્કો

### ચેતવણી અને સ્થળાંતર



૨૦ જુલાઇ, ૨૦૧૭નાં રોજ ભારતીય હવામાન ખાતાની આગાહી આવતાં જ રાજ્ય સરકારે તૈયારીઓ શરૂ કરી દીધી અને નેશનલ ડીઝાસ્ટર રિસપોન્સ ફોર્સ (એન.ડી.આર.એફ.), લશ્કર અને વાયુદળને મહત્વના સ્થળોએ સંદેશા મોકલી આપ્યાં. તેમજ બનાસકાંઠા જિલ્લા વહિવટીતંત્રને સતર્ક રહેવા જરૂરી સૂચના આપી.

જિલ્લા કલેકટરશ્રીના કાર્યાલયે તરત જ લાગતા વળગતા તમામ વિભાગોને સૂચનાઓ આપી જિલ્લા કક્ષાનું ડીસ્ટ્રીકટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર (ડી.ઇ.ઓ.સી.) કાર્યરત કરી દીધું. કલેક્ટર કચેરી, બનાસકાંઠા દ્વારા તાત્કાલિક બધાને બલ્ક એસ.એમ.એસ. કરવામાં આવ્યાં અને 20મી સાંજ સુધીમાં તો આખા જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી પહોંચી ગઇ. કલેકટર ઓફિસથી વોટ્સ એપ, ટ્વીટર અને અન્ય સોશ્યીલ મિડીયા ગ્રુપમાં સંદેશા મોકલી દેવામાં આવ્યા.





CollectorBanaskantha @CollectorBK · Jul 20
All SDM of the Banaskantha district are now on Twitter.

Banaskantha District
S.D.M. Twitter handle details

| Sr. no | Name of the Sub-division | Taluka included in the sub-division | Name of the Office | Twitter handle details |
|---|---|---|---|---|
| 1 | Palanpur | Palanpur, Vadgam | Prant office, Palanpur | @sdmpalanpur |
| 2 | Danta | Danta, Amirgadh | Prant office, Danta | @sdmdanta |
| 3 | Dhanera | Dhanera, Dantiwada | Prant office, Dhanera | @sdmdhanera |
| 4 | Deesa | Deesa, Kankrej | Prant office, Deesa | @Prantdeesa |
| 5 | Deodar | Deodar, Lakhni | Prant office, Deodar | @sdmdeodar |
| 6 | Tharad | Tharad, Wav | Prant office, Tharad | @sdmtharad |
| 7 | Suigam | Suigam, Bhabhar | Prant office, Suigam | @sdmsuigam |

અગાઉના અનુભવોને ધ્યાને લઇને તેમજ સંભવિત વરસાદને ધ્યાને રાખી જે ગામડાઓ મુશ્કેલીમાં આવી શકે એમ હતા તેમને ઓળખી ત્યાં માહિતી પહોંચાડવાના વિવિધ અન્ય સાધનો પ્રયોજવામાં આવ્યા. જેમાં Bulk SMS, Whatsapp, Facebook અને વાહનો પર માઇક્રોફોન વગેરેનો સમાવેશ થાય છે. લગભગ ૩૦,૦૦૦ લોકોને પૂર આવતા આગોતરુ સ્થળાંતર કરી સલામત સ્થળે ખસેડાયા અને આ તમામ આશ્રયસ્થાને ખોરાક અને પાણી માટેની વ્યવસ્થા કરી. સામૂહિક રસોડાં શરૂ કર્યાં, કલાકે કલાકે સંદેશાઓ મોકલવામાં આવતા. લોકોને સતર્ક કરવા રીક્ષાઓ અને વાહનો પર માઇક્રોફોન લગાવીને પણ ચેતવણી નો પ્રસાર થતો રહ્યો. ધાર્મિક સ્થળોના મોટા સ્પીકરો દ્વારા પણ જાહેરાત કરવામાં આવી. તરત જ સબડીવીઝનલ મેજિસ્ટ્રેટ (એસ.ડી.એમ), મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી (ટી.ડી.ઓ)ના નંબરોને હેલ્પ લાઇન નંબર તરીકે જાહેર કર્યા તમામ સરપંચો, સસ્તા અનાજની દુકાનો અને ગ્રામ કક્ષાએ ગણમાન્ય વ્યક્તિઓના નંબરો પર સતત સંદેશા મોકલાતા રહ્યા. આમ ઉપલબ્ધ સાધનો અને ટેકનોલોજીનો પૂરેપૂરો ઉપયોગ કરી લોકોને સાબદા કરવાની કામગીરી પ્રસંશનીય રીતે થઇ. પૂર

આવે ત્યારે લોકોને ઓછામાં ઓછી તકલીફ પડે અને અસરગ્રસ્ત વિસ્તારો જલ્દી પૂરની અસરમાંથી બહાર આવી શકે તે માટેની તૈયારીઓ પણ શરૂ કરી દીધી. સૌ પ્રથમ રાજ્ય સરકારના સંકલનમાં NDRFની ૬ ટીમો, લશ્કરની ૨ ટીમો, SDRFની ૩ ટીમો, પોલીસ અનામત દળની ૫ ટુકડી, સરહદી સંરક્ષણ દર(બી.એસ.એફ)ની ૨ ટીમોને તૈયાર રાખી. એ જ રીતે વાયુદળના ૧૦ હેલિકોપ્ટર પણ સ્ટેન્ડ-ટુ (તૈયાર) રાખવામાં આવ્યાં. આમ બચાવ કામગીરી માટે બધી તૈયારીઓ કરી દેવામાં આવી. સંદેશા વ્યવહારની પણ તમામ વ્યવસ્થાઓ થઇ. આના પરિણામે આખા બનાસકાંઠામાં લોકો સતર્ક બની ગયા અને એને લીધે માનવ મૃત્યુ અને પશુ મૃત્યુને ઘણે અંશે ઘટાડી શક્યા. જીઓ ટેગીંગના વ્યાપક ઉપયોગથી લોકો સાથેનો સંપર્ક જીવંત રહ્યો અને ફસાયેલા લોકોની માહિતી મેળવવામાં ખૂબ મદદ મળી.





## બીજો તબક્કો

### રાહત કાર્ય

આ પૂરમાં અનેક લોકોએ પોતાની ઘરવખરી ગુમાવી, ઘરો તૂટ્યા, પશુઓના જાન ગયા અને ખેતરમાં વાવેલો પાક પણ ધોવાઇ ગયો. એટલું જ નહી પણ ખેતરો જાણે કોતરો બની ગયા. આ બધાની વચ્ચે લોકો પોતાનો જીવનનિર્વાહ કરી શકે તે માટે જરૂરી મદદ આપવાનો આ તબક્કોમાં ખૂબ જ ઝડપી કામગીરી હાથ ધરવામાં આવી.

૨૩મી જુલાઇથી વરસાદ શરૂ થયો અને ૨૪મીએ તો મહેસૂલ ખાતાની આગેવાની નીચે જિલ્લા કચેરીઓ દ્વારા તાત્કાલિક રીતે પ્રવર્તમાન ધોરણો રાહત આપવાનું કામ પણ શરૂ થયું. રાહતોને લોકો સુધી પહોંચાડવા માટે બહુજ મોટી સંખ્યામાં ટુકડીઓ તૈયાર કરવામાં આવી. જેમાં સ્થાનિક લોકો, શાળાના શિક્ષકો, આચાર્યો અને અન્ય સરકારી કચેરીઓના કાર્યકરો વગેરેને મામલતદાર ઓફિસ સાથે જોડી દીધાં. લોકોને વહેલામાં વહેલી તકે રાહત મળે તે માટે ગામે ગામ, સ્થળ ઉપર જઇ રાહતો આપવામાં આવી. રાહતોની વહેંચણી વ્યવસ્થિત રીતે થાય અને સહુ જરૂરતમંદ સુધી પહોંચી શકાય એ માટે એનું યોગ્ય આયોજન કરવામાં આવ્યું . લગભગ ૧૦ દિવસમાં (કેટલાંક દૂરના ગામો – જે સંપર્ક વિહોણા હતાં તેમના સિવાય) તમામ ગામોમાં તાત્કાલિક રાહત પહોંચાડવાનું કામ પૂરું કરવામાં આવ્યું.

એવી જ રીતે તૂટેલા રસ્તાઓને કામચલાઉ દુરસ્ત કરવાના તથા પાણી પુરવઠો અને વીજળી ચાલુ કરવાના કામો તરત જ હાથ પર લેવામાં આવ્યા. કોઇપણ પ્રકારનો સમય બગાડ્યા વગર ૧૦ દિવસમાં રસ્તાઓ વાહન વ્યવહાર માટે ચાલુ કરવામાં આવ્યા અને એસ.ટી.બસના બધા જ રૂટ પણ ચાલુ કરી દેવાયા. ત્રણ જ દિવસમાં વીજળી અને પાણી પુરવઠો પણ ચાલુ થઇ ગયો. અસરગ્રસ્ત શાળાઓમાં ૧૦ જ દિવસમાં પાઠ્યપુસ્તકો અને અન્ય સામગ્રી પહોંચતી કરવામાં આવી અને શાળાઓ પણ પૂર્વવત ચાલુ કરી દેવામાં આવી.



આ બધામાં સૌથી મોટો પ્રશ્ન તો ઘરોમાં, દુકાનોમાં ભરાયેલ પાણી અને કાદવ કીચડને દૂર કરવાનો તેમ જ મૃત પશુઓના નિકાલનો હતો. રોગચાળાની સંભાવના આ બન્ને કારણે ખૂબ વધારે હતી. આથી તાત્કાલિક ઘરોમાં ભરાયેલા પાણી અને કચરો કાઢવા વિશેષ સફાઇ ઝુંબેશ પણ કરવામાં આવી.



## સફાઇ ઝુંબેશ



સૂરત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી એમ.થેન્નારશનના નેતૃત્વમાં આખી કામગીરી હાથ ધરાઇ, સફાઇ માટે જરૂરી સાધનો અગાઉથી મેળવી લેવાયા હતા. આખી સફાઇ ઝુંબેશમાં ૧૯૦ જે.સી.બી, ૭ ડમ્પર્સ, ૨ ડોઝર, ૧૨ બસ અને ૨૦ ટ્રેક્ટર, ૨ ટીપરનો ઉપયોગ થયો. દૂર કરેલા કાંપનો તૂટેલા રસ્તાઓની દુરસ્તી કરવામાં ઉપયોગ થયો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સફાઇ કામદારો મોકલવામાં આવ્યા. આ સમગ્ર ઝુંબેશ માટે વધારાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી.

સૌથી મુશ્કેલ કામ ધાનેરાનું હતું, જ્યાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના બજાર અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના ગોડાઉનને થયેલ નૂક્શાન ખૂબ મોટા હતા. હજારો મેટ્રીક ટન અનાજ પલળી અને સડી ગયું. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના બજારમાંથી પાંચ દિવસમાં ૯૯૮૯ મેટ્રિક ટન જેટલુ નાશ પામેલ અનાજ બહાર કાઢ્યું તેવી જ રીતે ચાર દિવસ સઘન કામગીરી કરીને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમનાં ગોડાઉનમાંથી પણ સડી ગયેલા અનાજ દૂર કર્યાં. ધાનેરા શહેર અને એના દરેક રસ્તાને આ જ ચોકસાઇથી સાફ કરવામાં આવ્યા. ચાલુ વરસાદે પણ ભૂગર્ભ પંપ અને ટાંકીની સફાઇ કરવામાં આવી હતી અને જે મશીનરી જામ થઇ ગયેલી એની મરામતનું કામ પણ તાત્કાલિક હાથ ધરવામાં આવ્યું.

આ સફાઇ કામ દરમ્યાન ઘ્યાન આવ્યું કે ગટરો તૂટી ગઇ છે અને એની ગંદકી બહાર આવે છે, એટલે તાત્કાલિક તેના નિષ્ણાતોને મોકલી એની તપાસ કરાવી અને નવી ગટર લાઇન નાખવાની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી. આમ આખી કામગીરી યુદ્ધના ધોરણે થઇ.

સફાઇની આ આખી કામગીરી નીચે મુજબ ચાર તબક્કામાં થઇ;

૧. સ્લરીનો નિકાલ – આ માટે ધાનેરા શહેરથી ૪ કિ.મી. દૂર એક સાઇટ નક્કી કરવામાં આવી અને મશીનો દ્વારા દિવસના ૨૦૦૦ ટન જેટલો કચરો ત્યાં ઠાલવવાનું કામ આ તબક્કામાં થયું.

૨. સ્લરી નીચેના ઘન કચરાને સ્ક્રેપ કરી તૂટેલા રોડને દુરસ્ત કરવામાં એને કામે લીધો. આ ખાડાઓમાં કચરો નાખી ઉપર બેથી ત્રણ ફૂટ માટીનું પડ ઢાંકી દેવામાં આવ્યું, જેથી વાહન વ્યવહાર લાયક રસ્તાઓ બન્યા.

૩. સફાઇ કામદારો એ મેન્યુઅલી પણ કેટલોક કચરો દૂર કરવામાં મદદ કરી.

૪. જ્યાં જ્યાં કચરો કે કાંપ હતા ત્યાં રસાયણો અને દવાઓનો છંટકાવ કર્યો જેથી દુર્ગંધ ન આવે અને જન્તુઓનો ઉપદ્રવ ન થાય.

સમગ્ર પ્રક્રિયામાં ચારે ટીમો એંજિનીયરીંગ ટીમ, આરોગ્ય ટીમ, સ્વાસ્થ્ય ટીમ અને અગ્નિશામન દળની ટીમે ખભે-ખભા મિલાવીને સાથે મળીને કામ કર્યું.





## આરોગ્ય વિષયક કામગીરી



સફાઇના કામો સાથે જ જોડાયેલું બીજું તેટલું જ મહત્વનું કામ તે આરોગ્યનું છે. બનાસકાંઠાની આટલી હોનારત છતાં કોઇ રોગચાળો ફાટી નથી નીકળ્યો કે નથી કોઇ માંદગીના કેસ પણ નોંધાયા. એનો યશ આરોગ્ય ટુકડીની કામગીરીને જાય. બનાસકાંઠા જિલ્લામાં આ દિવસોમાં ૨૦૧૨ આરોગ્ય કાર્યકરોએ કામ કર્યું. પૂરગ્રસ્ત વિસ્તારોમાં સ્થળ પર જઇ લોકોને તપાસી જે સારવારની જરૂર હોય તે સારવાર તાત્કાલિક આપી. પ્રિવેન્ટીવ અને અન્ય દવાઓ પણ જ્યાં–જ્યાં જરૂર લાગે ત્યાં આપવામાં આવી. સફાઇ કામદારોને કોઇ રોગ ન લાગે તે માટે ત્રણ ત્રણ દીવસે સફાઇની ટુકડી બદલી નાખવામાં આવતી હતી.

આ માટે દવાઓ, ક્લોરીનની ગોળીઓ અને ઓ.આર.એસ.નો પૂરતો જથ્થો જિલ્લા પાસે રહે તેની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઠેર ઠેર દવા છાંટવાનું કામ સતત ચાલું રાખ્યું હતું. પૂરને લીધે કોઇ બિમારને દવા ન મળ્યા ના કોઇ કિસ્સા નોંધાયા નથી.

બનાસકાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં આ ઝુંબેશને મનરેગા સાથે જોડી દેવામાં આવી હતી. રાહત કામો માટે સર્વે તેમ જ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામ્ય રોજગાર ગેરન્ટી એક્ટ (મનરેગા) સાથે જોડાણ માટે જરૂરી પ્રક્રિયા કરવા ૪૨૨ તાંત્રિક કર્મચારીઓની પ્રતિનિયુક્તિ કરવામાં આવી. મનરેગા હેઠળ નીચેના કામો અસરગ્રસ્ત વિસ્તારોમાં હાથ ધરવામાં આવ્યા.

૧. ઘન તેમજ પ્રવાહી કચરાનો નિકાલ
૨. ડીસીલ્ટીંગ કામો
૩. વરસાદી પાણીના નિકાલના કામો
૪. ગામના આંતરિક રસ્તાના સમારકામને લગતા કામો
૫. જાહેર મિલ્કતોનું નવીનીકરણ
૬. જમીન વિકાસના કામો



## સંચારવ્યવસ્થા

બીજા તબક્કામાં સંચારવ્યવસ્થા (કોમ્યુનીકેશન) નું મહત્વ ખૂબ વધી જાય છે. આપત્તિના સંજોગોમાં મિડીયા સાથે સતત વાતચીત કરવી, લો કો ને વખતો વખત યોગ્ય સંદેશ પહોંચાડવા કે એમના સંદેશા મેળવવા અને થતી કામગીરીનો સતત ફિડબેક મેળવવો; આ ત્રણે કામ જિલ્લા કલેક્ટરની ઓફિસ દ્વારા સુદંર રીતે પાર પાડવામાં આવ્યા. તા.૨૩મી અને ૨૪મી જુલાઇ જ્યારે ફોન બંધ હતા ત્યારે હોટ લાઇન અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (જી.એસ.ડિ.એમ.એ.) મારફતે અપાયેલ સેટેલાઇટ ફોનને લીધે કોમ્યુનિકેશન સતત ચાલુ રહ્યું. તમામ નિયંત્રણ કક્ષને રેડિયોથી પણ સજ્જ કરવામાં આવ્યાં અને જુદા જુદા જૂથોને સરળતા ખાતર જુદી જુદી ફ્રિકવન્સી ફાળવવામાં આવી. કટોકટીમાં મદદ માટેના નંબરો જાહેર કરવામાં આવ્યા અને સંચારના અભાવે કોઇ કામમાં ઢીલ થાય કે કામ મોડું થાય તેવા કિસ્સા શક્ય એટલા ઘટાડવાનો પ્રયાસ થયો. ગુજરાત સરકારની આપત્તિ નિવારણ મેન્યુઅલ પ્રમાણે જ્યારે જેટલા કલાક પહેલા જે સંદેશા જાહેર કરવાના હતા તે થઇ શકયા અને વાતચીતના અભાવે કોઇપણ નિર્ણયમાં મોડું થયું નથી.




આની ખૂબ સારી અસર પડી. તાલુકા ઓફિસ અને જિલ્લા ઓફિસ વચ્ચે માહિતી સરળતાથી પહોંચી અને જિલ્લા ઓફિસ માટે સમયસર જરૂરી સૂચનાઓ આપવાનું શક્ય બન્યું. સંચાર વ્યવસ્થાએ રાહત કામગીરીના કાર્યક્ષમ નિયમનમાં મહત્વનો ભાગ ભજવ્યો.

## સુરક્ષા કામગીરી

બચાવની કામગીરી ઉપરાંત અસરગ્રસ્ત વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા સચવાઇ રહે તે માટે જરૂરી બંદોબસ્તની વ્યવસ્થા કરેલ. આ દિવસો દરમ્યાન મોટી સંખ્યામાં ટ્રેક્ટરો, ડમ્પરો અને અન્ય સાધનોની અવર જવરથી રોજિન્દા વ્યવહારોમાં અડચણ ઊભી ન થાય તે માટે યોગ્ય ટ્રાફીક નિયંત્રણની સેવાઓ પણ આ વિભાગે આપી. ઉપરાંત, ખાલી પડેલ તેમજ નૂકશાન પામેલ મકાનોમાંથી લોકોની કિમતી ઘરવખરીની ચોરી ન થાય તે સંબંધે પૂરતી કાળજી લેવામાં આવેલ જેથી આ દિવસો દરમિયાન આવા બનાવો બનવા પામેલ નથી.

## રાહત, પ્રાથમિક સર્વે અને વિતરણ કામગીરી

શિક્ષણ વિભાગના કર્મચારીઓએ પૂરની ચેતવણી લોકો સુધી પહોંચાડવામાં, કેશ ડોલ્સ વહેંચવામાં અને નૂકશાન અંગેના સર્વેમાં મહત્વનો ફાળો આપ્યો છે. બનાસકાંઠા બહારની યુનિવર્સીટી અને એના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો રાહત સામગ્રી વહેંચવામાં તેમ જ સફાઇ કામમાં જોડાયા. અસરગ્રસ્ત વિસ્તારોમાં પ્રાથમિક શાળાઓના મકાનો આશ્રયસ્થાન તરીકે ઉપયોગમાં આવ્યા અને મધ્યાહન ભોજન યોજનાના રસોડા સામુદાયિક રસોડા તરીકે ઉપયોગમાં લેવાયા.



## પ્રાથમિક અંદાજો

રાહત કામગીરીનું આયોજન નૂકશાનના પ્રાથમિક અંદાજોના આધારે થાય છે. અગાઉ કહ્યું તેમ રાહત આપવાની કામગીરી ૨૪મી તારીખથી શરૂ થઇ ગઇ હતી. સરકારે ૪૩૩ જેટલા વધારાના માણસોને રોકીને તાત્કાલિક સર્વેની કામગીરી કરી  ના પ્રાથમિક અંદાજો તૈયાર કર્યાં અને ૪૮ કલાકમાંતો એના આધારે રાહત પેકેજ પણ તૈયાર કરી જાહેર કરવામાં આવ્યું અને તદનુસાર રાહતો આપવાનું પણ શરૂ કરી દીધું.

સામાન્ય રીતે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના મતે આગાહી મળતાની સાથે આપત્તિ આવતાં પહેલાં આકારણી કઇ રીતે કરવી છે તેની પધ્ધતિ નક્કી કરવી જરૂરી છે, અને ચેતવણીના ૬ કલાકની અંદર આકારણીની ટીમ બનાવવી જરૂરી છે. બનાસકાંઠામાં આ પ્રમાણે જ કામગીરી કરવામાં આવી અને તે પ્રમાણેનું રાહત પેકેજ જાહેર કર્યું અને એનો અમલ પણ કર્યો.



ડીસા તાલુકાનાં પેછડાલ ગામનાં ઇશ્વરભાઇ પરમારનું સાત સભ્યોનું કુટુંબ છત વગરનાં ઘરમાં ખેતરમાં જ રહેતાં હતા. સખત વરસાદને લીધે એમનાં ઘરમાં છત સુધીનાં પાણી ભરાઇ ગયાં હતાં, ઘરની તમામ ઘરવખરી તણાઇ ગયી અને તેઓને સ્થળાંતર કરી જવું પડ્યું હતું, તેઓના ખેતરમાં પણ બહુજ ઉંડા વેકરા જેવા ખાડા પડી ગયાં છે. ઉપર આભ અને નીચે ધરતી જેવી સ્થિતિમાં આવી ગયા હતાં. પણ સરકારની રાહતો મળતાં શરૂઆતનાં દિવસોતો નીકળી ગયા પણ હવેનાં દિવસો કાઢવાનું મુશ્કેલ લાગે છે. તેઓ કહે છે કે જે માણસ એકવાર પૂરમાં ફસાયો તે જીંદગીમાં ક્યારેય ઉંચો આવી શકે નહી. છતાં પણ તેઓ મજબૂત મનોબળ સાથે બીજાનાં ખેતરોમાં અને સરકાર દ્વારા ચાલતાં રાહત કાર્યો જેવાંકે  મનરેગા માં જઇને પોતાની આજિવીકા રળવાની આશા રાખે છે.



| અનુ. | વિગત | ચકાસેલા કુલ કેસો (નંબર) | કુલ મંજૂર કેસો (નંબર) | ધોરણ (રૂપિયામાં) | ફાળવણી (રૂપીયા લાખમાં) | ચૂકવેલ રકમ (રૂપીયા લાખમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧ | માનવ મૃત્યુ | ૭૦ | ૬૨ | રૂા.૬ લાખ પ્રતિ વ્યક્તિ | ૪૨૬.૦૦ | ૩૬૪.૦૦ |
| ૨ | પશુ મૃત્યુ | ૧૨,૫૨૦ | ૬,૭૧૧ | ❖ રૂા.૪૦,૦૦૦/- પ્રતિ પશુ(મોટા) ❖ રૂા.૩,૦૦૦/- પ્રતિ પશુ(નાના) | ૨૦૦૦.૦૦ | ૧૪૭૮.૦૧ |
| ૩ | કેશ ડોલ્સ ✸ | ૧૧,૪૮,૩૫૫ (વ્યકિતઓ) | ૧૧,૪૮,૩૫૫ | ❖ રૂા.૬૦૦/- (પુખ્તવયના વ્યક્તિ માટે) ❖ રૂા.૪૫૦/- (સગીરવયના વ્યક્તિ માટે) | - | ૬૨૫૧.૩૮ |
| ૪ | ઘરવખરી ✸ | ૫૭,૨૩૯ (કુટુંબો) | ૫૭,૨૩૯ | ❖ રૂા.૭૦૦૦/- પ્રતિ કુટુંબ | - | ૩૫૩૮.૮૫ |
| ૫ | મકાનનું નુકશાન✸ | ૧૩,૨૧૫ | ૮૪૮૩ | - | - | ૬૩૨.૫૪ |
| a | પાક નુકશાન | ૩.૧૫લાખ હેક્ટર | ૨.૪૭ લાખ હેક્ટર (૨.૧૦લાખ ખેડૂતો) | ❖રૂા.૧૦,૦૦૦/- પ્રતિ હેક્ટર / બિન સિંચાઇ/ ૨ હેક્ટર સુધી ❖રૂા.૨૦,૦૦૦/- પ્રતિ હેક્ટર/સિંચાઇ/ ૨ હેક્ટર સુધી ❖રૂા.૩૦,૦૦૦/- પ્રતિ હેક્ટર/બારમાસી પાક માટે | ૪૬૧૦૦ | ૪૬૧૦૦ (૨.૧૦લાખ ખેડૂતો) |
| b | જમીન ધોવાણ | ૧૨૪૪ ગામ ૨.૦૯ લાખ હેક્ટર ૨.૦૫ લાખ ખેડૂતો | સર્વે પૂર્ણ | ❖રૂા.૩૦,૦૦૦/પ્રતિ હેક્ટર/ નાના ખેડૂતો માટે/૨ હેક્ટર સુધી ❖રૂા.૩૦,૦૦૦/- પ્રતિ હેક્ટર/ મોટા ખેડૂતો માટે/2 હેક્ટર સુધી | ૮૪૯૦૦ | ૭૩૮૦૦ (૨.૦૪ લાખ ખેડૂતો) |

✸ આ કિસ્સાઓમાં જેટલું પણ નૂકશાન થયું હોય તે સર્વેની સાથે સાથે જ ભરપાઇ કરવાનું નક્કી કર્યું હોવાથી અને કોઇ પણ અસરગ્રસ્તને રાહતથી વંચિત ન રાખવાનું નક્કી કર્યું હોવાથી ફાળવણીની કોઇ મર્યાદા નક્કી કરવામાં આવી નથી.

## રાહત ફંડની વ્યવસ્થા

રાહત કમિશ્નર, મહેસૂલ ખાતું અને જિલ્લા કલેકટરના સંયુક્ત પ્રયાસોથી પૂર રાહતની કામગીરી માટે અંદાજપત્રીય સાધનો ઉપરાંત પણ એન.ડી.આર.એફ., મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી રીલીફ ફંડ, દાન વગેરે થી પણ સારા એવા સંસાધનો મેળવવામાં આવ્યાં છે. લગભગ ૫૩,૩૪૬ રાશન કિટ, ૧૧,૩૦૦ ટારપોલીન અને ૬૬,૪૦૦ બ્લેંકેટ સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી મળ્યાં. તે જ રીતે ઔદ્યોગિક સંસ્થાઓ દ્વારા પણ ૧૩,૦૦૦ બ્લેંકેટ, ૬,૭૫૪ તાડપત્રી ૪૦,૦૦૦ ઘરવખરી કીટ અને ૪૦,૦૦,૦૦૦ ફૂડપેકેટ મળ્યાં. રાજ્ય તરફથી રૂ.૧૫૦૦ કરોડ અને કેંદ્ર તરફથી રૂ.૫૦૦ કરોડ વિશેષ રાહત તરીકે જાહેર કરવામાં આવ્યા. જિલ્લાને સાધનોની ખોટ ન પડે તે માટે રાજ્ય તરફથી પૂરતાં પ્રયાસો થયા.આ ઉપરાંત દરેક વિભાગે યથાશક્તિ આ કામ માટે જિલ્લાને ગ્રાન્ટ આપી છે. પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, વન વિભાગ, વગેરેએ આ કામમાં અલગ અલગ રીતે પોતાનો ફાળો આપ્યો છે.

ખાસ કરીને અતિવૃષ્ટિના ૪૮ કલાકની અંદર–અંદર રાહતનું પેકેજ નક્કી કરી જાહેર કરી દેવામાં આવ્યું. આમાં જાનહાનિથી લઇને લાંબાગાળાના ખેતી અને અન્ય વ્યવસાયોને થયેલા નૂકસાનને ભરપાઇ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. દરેક પ્રકારના નૂકસાનનું પૂરેપૂરું વળતર મળે તે પ્રમાણે રાહતની રકમ નક્કી કરવામાં આવી છે. ખેતીમાં પાક નૂકસાન કે જમીન ધોવાણ માટે નક્કી થયેલ રકમ કરતાં ગુજરાત સરકારે લગભગ ૧૬૦% વધારે રાહત આપવાનું નક્કી કર્યું છે. હકિકતમાં હજી પૂરેપૂરા ખર્ચના અંદાજો તૈયાર નથી પણ પ્રાથમિક અંદાજો મુજબ નાણાની ફાળવણી થઇ ગયેલ છે.

આ ઉપરાંત મનરેગાના સંસાધનોમાંથી લગભગ ૨૫ કરોડ રૂપિયા જેટલા પૂર રાહતનાં ત્રણે તબક્કાના કામો થયા, ઉદ્યોગ સાહસિકતા, સ્વચ્છ ભારત અભિયાન વગેરે સાથે યોગ્ય જોડાણ કરી કેટલાંક ત્રીજા તબક્કાના કામો ઉપાડવામાં આવ્યાં છે. પાક નૂકશાનનો સર્વે ચાલે છે પણ મુલાકાત લીધેલ ઘણા ગામોમાં સર્વે પૂરો થવાની તૈયારીઓ હતી. આમ બીજા તબક્કાની તમામ કામગીરી એના નિર્ધારિત સમયે અને નિર્ધારિત પદ્ધતિએ કરવામાં આવી, અને ત્રીજા તબક્કાની કામગીરી પણ શરૂ થઇ ગઇ છે.



| ક્રમ | પૂરગ્રસ્ત વિસ્તારો માટે નાણાની ફાળવણી |
|---|---|
| ૧. | **ગંભીર રીતે અસરગ્રસ્ત બનાસકાંઠા અને પાટણ જિલ્લા માટે રૂ.૧૫૦૦ કડોડનું વિશેષ પેકેજ**<br>૧. કૃષિ અને જમીન સુધારણા માટે રૂ.૧૩૧૧ કરોડ<br>૨. અસરગ્રસ્ત ખેડૂતોને વીજ બીલોમાં રૂ.૭૫ કરોડ ઉપરાંતની માફી(૩ માસ માટે)<br>૩. પશુ સહાય અને પશુપાલન માટે રૂ.૨૦ કરોડ<br>૪. વેપાર ,વ્યવસાય અને ઉદ્યોગો માટે રૂ.૧૫ કરોડ<br>૫. મહેસુલ વિભાગની યોજનાઓ માટે રૂ.૭૯ કરોડ . |
| ૨. | **રાહતનાં ધોરણ**<br>૧. બિન પીયત વિસ્તારના પાક નુકશાન માટે અગાઉની રૂ. ૬,૮૦૦ની સામે રૂ.૧૦,૦૦૦ની રાહત<br>૨. પીયત વિસ્તારના પાક નુકશાન માટે અગાઉની રૂ.૧૩,૫૦૦ની સામે રૂ.૨૦,૦૦૦ની રાહત<br>૩. બાગાયતી પાક નુકશાન માટે અગાઉની રૂ.૧૮,૦૦૦ ની સામે રૂ.૩૦,૦૦૦ની રાહત<br>૪. જમીન ધોવાણ માટે અગાઉની રૂ.૧૨,૮૦૦ની રાહત સામે ૨૫,૦૦૦ની રાહત<br>૫. મોટા પાયે જમીન ધોવાણ માટે અગાઉની રૂ.૬૦,૦૦૦ ની સામે રૂ.૮૦,૦૦૦ની રાહત<br>૬. નાના કેબીન ધારકોને રૂ.૧૫,૦૦૦ની રોકડ સહાય |
| ૩. | **ધાનેરા માટે આર્થિક સહાય અને પુનઃવસન પેકેજ**<br>૧. અસરગ્રસ્ત લારી રેકડીવાળાઓને રૂ.૫,૦૦૦ની રોકડ સહાય<br>૨. અસરગ્રસ્ત નાની સ્થાયી કેબીનના ધારકને રૂ.૧૫,૦૦૦ની રોકડ સહાય<br>૩. અસરગ્રસ્ત મોટી સ્થાયી કેબીનના ધારકને રૂ.૭૫,૦૦૦ની રોકડ સહાય<br>૪. માસિક રૂ.૫લાખથી વધુ ટર્ન ઓવર ધરાવતા મોટા દુકાનદારોને રૂ.૧૦લાખ સુધીની બેન્ક લોન ઉપર બે વર્ષ સુધી સંપૂર્ણ વ્યાજ સહાય<br>૫. APMC ધાનેરાના વેપારીઓ માટે રૂ.૧૫ લાખ સુધીની બેન્ક લોન ઉપર બે વર્ષ સુધી સંપૂર્ણ વ્યાજ સહાય |



## ત્રીજો તબક્કો

### પુન:સ્થાપનનો તબક્કો

આ એક અત્યંત મહત્વનો તબક્કો છે. આમાં પ્રભાવિત ઘરોને ફરીથી બાંધવાની અને આજિવિકાના પુન:સ્થાપનનું કામ આ તબક્કામાં કરવાનું હોય છે. ૨૦૧૫ના પૂરનાં આરગ્રસ્તોનું પુન:સ્થાપન થાય તે પહેલા ૨૦૧૭નું પૂર આવ્યું. આ કામ જો ઝડપથી કરવું હોય તો અને પૂરના નૂકશાનના પાકા અંદાજે તૈયાર કરી એ કામોનું યોગ્ય આયોજન કરવું, એના માટે નાણાકિય સંસાધનો ઊભા કરવા અને એ આયોજનનો અમલ કરવો જરૂરી છે. બનાસકાંઠાના ૨૦૧૭ના પૂરમાં ખેતી–પશુપાલનને મોટું નૂકશાન થયું છે. ઘણી નાની નાની દુકાનો કે કેબિનો તણાઇ ગઇ છે અને પરિણામે અનેક લોકોએ આજિવિકા ગુમાવી છે. નાની દુકાનો અને કેબિનો માટે કે ઘરને થયેલા નૂકશાન માટે તો મદદની જાહેરાત થઇ ગઇ છે અને ખેતીના નૂકશાનનો સર્વે ચાલી રહ્યો છે અને ત્રીજા ભાગના ગામોનો સર્વે ૧૦દિવસમાં પૂરો કરવામાં આવ્યો છે, અને લગભગ આગામી માસના અંત સુધીમાં સર્વેનું તમામ કામ પૂર્ણ થશે.

વીજળી અને પાણી પુરવઠાને કોઇ લાંબાગાળાનું નૂકશાન થયું નથી. પણ રસ્તા માટે મોટા મૂડી રોકાણની જરૂર પડશે. આના પણ પ્રાથમિક અંદાજો તૈયાર થઇ ગયા છે. કયા ગામોને પુન:સ્થાપિત કરવાના છે એની યાદી તૈયાર છે. આવી રીતે ફરી પાણી ફરી ન વળે એ માટે જે માળખાગત સુવિધાઓ કરવાની જરૂર છે એની ઓળખ પણ થઇ ગઇ છે. ત્રીજા તબક્કાની કામગીરી આયોજન બંધ રીતે પૂર્ણ કરવા સરકાર કટિબધ્ધ છે.



## પૂર ૨૦૧૭: એકંદર વ્યવસ્થાપન અને રાહત કાર્યવાહીનું વિહંગાવલોકન

૨૦૧૭નાં બનાસકાંઠાનાં પૂરના વ્યવસ્થાપનનું માળખું નીચેની બાબતોને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવ્યું હતું.

૧. જાનમાલના નૂકશાનને શક્ય એટલુ ઘટાડવું.
૨. રોગચાળો ફેલાતો અટકાવવો.
૩. આવશ્યક સેવાઓ જેવી કે પાણી, વિજળી, દૂધ, ખોરાક, વગેરેને ચાલુ રાખવી.
૪. અસરગ્રસ્ત લોકોનું પુન:સ્થાપન કરવું.
૫. જનજીવન સામાન્ય કરવું.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને તાત્કાલિક શરુ થતી આપત્તિની અસરો ઘટાડવા, આપત્તિના કારણો અને એની નિવારણ કરવાનાં ઉપાયો શોધવા અને વચગાળાના સમયમાં લોકોને તકલીફ ન પડે તે રીતે આયોજન કરવામાં આવ્યું. ચેતવણી સહાય અને પુન:સ્થાપન માટે વહિવટી તંત્રમાં ટૂંકા ગાળા અને લાંબા ગાળાના કાર્યક્રમો માટે ક્ષમતા ઉભી થાય તે માટે જરૂરી સાધનો પ્રયોજવામાં આવ્યાં હતાં. જિલ્લામાં પૂર્વવત સ્થિતિ પેદા થાય તે જોવાની જવાબદારી જિલ્લા કલેક્ટરનાં કાર્યાલયે ઉપાડી લીધી હતી. સાધનોની અછત ન વર્તાય તે માટે મહેસૂલ વિભાગ અને ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ અને અન્ય જિલ્લા કચેરીઓ જોડે યોગ્ય સંકલન કરવામાં આવ્યું. આગળ વર્ણવ્યું છે તેમ તમામ કામો સમય સર અને સતર્કતાથી કરવામાં આવ્યાં. આધુનિક ટેકનોલોજીનો મહતમ ઉપયોગ કરવામાં આવ્યો. જવાબદારી ની વહેંચણી સ્પષ્ટ રૂપે કરવાં આવી. દરેક જવાબદાર અધિકારીને જરૂરી ઉત્તરદાયિત્વ સોંપવામાં આવ્યું અને યોગ્ય નિયમન અને આયોજન થી સમગ્ર કામગીરી ભારે કાર્યક્ષમતાથી થઇ. આ વ્યવસ્થાપનની ખાસ વિશેષતાઓ નીચે પ્રમાણે જોવા મળી.

૧. શરૂઆતના કટોકટીના દિવસો દરમ્યાન માનનીય પ્રધાનમંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ કામગીરી થઇ તેથી રાજ્ય આફત નિયંત્રણ કક્ષને નિશ્ચિત દિશા અને વેગ મળ્યાં.
૨. કેટલાક સંવેદનશીલ નિર્ણયો તરત જ લેવાયાં.
૩. કામગીરીની ખૂબ સ્પષ્ટ અને સૂક્ષ્મ વહેંચણી કરવામાં આવી હતી અને કામનું રોજેરોજ નિયમન થઇ શક્યું. કોમ્પ્યુટર પર રોજ કલાકે કલાકે માહિતી અપડેટ કરવામાં આવતી.
૪. તાલુકા વિકાસ અધિકારીને વહીવટી મંજૂરી આપવાની સત્તા આપી.
૫. કામ કરનાર મજૂરોના હાજરી પૂરી થાય એટલે ૪ થી ૫ દિવસમાં જ મજૂરીના પૈસાની ચૂકવણી કરવામાં આવી.
૬. સુરત, અમદાવાદ અને રાજકોટ મહાનગર પાલિકાઓની મદદ મળી.
૭. પહેલા દિવસથી જ બચાવ રાહતની કામગીરી પર પૂરેપૂરું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.
૮. તાલુકા આફત નિયંત્રણ કક્ષને સક્રિય કરવામાં આવ્યા.

# પૂર્વ ચેતવણી, સહાય અને પુનઃસ્થાપનની કામગીરી



## લોકોના પ્રતિભાવ

અગાઉ જણાવ્યું તેમ મોટા ભાગના લોકો વહીવટતંત્રના કામથી સંતુષ્ટ જોવા મળ્યા. લોકોના શબ્દોમાં આ પહેલીવાર એવું બન્યું છે કે અમે માંગીએ એના પહેલા સરકારની મદદ આવી છે. કેટલાકે કહ્યું સરકારે આ વખતે ઉદાર હાથે મદદ કરી છે ને સરકારી માણસો ઘર આંગણે આવીને મદદ આપી ગયા. એથી પણ લોકોએ સંતોષ થયો છે. અલબત્ત ક્યાંક દૂર દરાજના ગામમાં મદદ પહોંચી જ ન હોય એવા કિસ્સાઓ પણ જોવા મળ્યા છે. પણ બધાના મનમાં ભવિષ્યની ચિંતા છે કે ખેતરોને કઇ રીતે ફરી પાક લાયક બનાવશે અને એટલો વખત જીવન કઇ રીતે જશે ! નાના ખેડૂતો માટે ખેતર જ તેમના જીવનનો એકમાત્ર સહારો છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ, લોકો અને વહીવટીતંત્રે જે રીતે એકબીજાની સાથે ઊભા રહી કામ કર્યું તેનો સંતોષ છે પણ ભાવિ આજિવિકાના પ્રશ્નો મૂંઝવે છે.

બનાસકાઠાંના પૂરવ્યવસ્થાપના જે કાર્યક્ષમતાથી થયું એક એણે ગુજરાત અને ગુજરાત બહાર બધાનું ધ્યાન ખેંચ્યુ છે. ટેકનોલોજી, સંયોજન, નિયમન અને સાધનોની છૂટે આ કાર્યને દીપાવ્યું છે. પણ કેટલાક પડકારો પણ ઊભા કર્યાં છે, લોકો સાથેની વાતચીતમાંથી આવા પડકારો સંદર્ભે કેટલાંક સૂચનો ધ્યાને આવેલ છે.



કાંકરેજ તાલુકાના ખારિયા ગામના પટણી વાસમાં રહેતાં શ્રીમતી ગીતાબેન પટણીએ જણાવ્યું કે, ભારે વરસાદ થયો અને ક્યાં જઈને જીવ બચાવશું એ ચિંતામાં અમે હાંફળા ફાંફળા થઇ ગયેલા હતાં. મોત અમારી નજર સામે હતું. અમને કોઈ બચાવશે કે અમારી જીવનલીલા અહીં જ સંકેલાઇ જાશે તેવા વિચારોમાં હતાં. ત્યાં તો તેજ સમયે ચમત્કાર થયોને અમને લેવા માટે મિલિટરીના જવાનો હોડી લઇને આવ્યાં ને અમને ત્યાંથી બહાર લાવી બચાવ્યાં. તેતો અમારે માટે ભગવાન બનીને આવ્યાં હતાં.

મારો ૧૫ વર્ષનો દીકરો ભરત બેહરો છે એટલે મને એમકે જવાનો તેની કેવી રીતે મદદ કરશે પણ ભાઈઆ જવાનો તો જરાય મૂંઝાયા વગર ઈશારાથી વાતો કરી તેને મેડિકલ સારવાર આપી. મને અને મારા વ્હાલા દીકરાને બચાવી લીધો.



## ભાવિ માટેના સૂચનો

૧. ગ્રામીણ સ્તરે દરેક ગામમાં આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર રચાવું જોઇએ અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર સાથે એને જોડવું જોઇએ. સંચારના આધુનિક માધ્યમોમાં ગ્રામીણ આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રના તમામ સભ્યોને તાલીમ આપી એનો ઉપયોગ કરવાની ટેવ પાડવી જોઇએ. ચોમાસુ શરૂ થતાં પહેલા આ કેન્દ્રને સક્રીય કરી દેવું જોઇએ.

૨. આપત્તિ સમયે લોકો જલ્દી સ્થળાંતર માટે તૈયાર થતાં નથી અને પરિણામે બચાવ કામગીરી પરનું ભારણ વધે છે. આ માટે આપત્તિ સિવાયના સામાન્ય સમયમાં પણ લોકોને શિક્ષિત કરવા અને સમજાવાનું કામ ખાસ કરવું જોઇએ. આ માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ UNDP વિગેરે પાસેથી ફંડ પણ મેળવી શકાય.

૩. ચેતવણી આપવા માટે સાયરન જેવી સર્વમાન્ય વ્યવસ્થા પુન:સ્થાપિત કરવી જોઇએ, જેથી પૂરની ચેતવણી બાબતે કાર્યક્ષમતા વધે.

૪. કોઇપણ કુદરતી આફતના વ્યવસ્થાપનમાં સર્વે અને અસરગ્રસ્તોની ઓળખ બહુ જ મહત્વના છે. બનાસકાંઠામાં આ કામગીરી ઝડપથી થાય એ માટેના તમામ પ્રયાસો થયા છે. પણ જિલ્લા કક્ષાએ આવા સર્વે કરવા માટે યોગ્ય તાલિમ પામેલ કુશળ કર્મચારીઓની યાદી તૈયાર હોય તો આ કામ વધારે સારી રીતે થાય અને એકલ દોકલ જે ફરિયાદો આવે છે તે ઓછી થાય.

૫. આપત્તિગ્રસ્ત વિસ્તારોનો બરાબર અભ્યાસ કરી પાણીના નિકાલ અને સંગ્રહ બંનેની પૂરતી વ્યવસ્થા કરવી અત્યંત જરૂરી છે. હાલમાં આ વ્યવસ્થાઓ આડેધડ વિકાસ અને અનિયંત્રિત જમીન વપરાશને લીધે નબળી પડી છે. તળાવો ઓછા થયા છે, નદીઓ છીછરી થઇ છે. બનાસકાઠાંમાં પડતો વરસાદ બહુ વધારે નથી કે વરસાદથી થતી હોનારતોને રોકી ન શકાય.

૬. આ પૂરમાં ૧૬-૧૭ એવા ગામડા ઓળખાયા છે જ્યાંથી પાણીને બહાર કાઢવું મુશ્કેલ છે. આ વિસ્તારોના પુન:સ્થાપનનો વિચાર ગંભીરતા પૂર્વક થવો જોઇએ અને એ પ્રક્રિયા શરૂ થવી જોઇએ. લોકોને ઊંચાણ વાળા વિસ્તારમાં એમની આજિવિકા સાથે પુન:સ્થાપિત કરવા જોઇએ.

૭. ૨૦૦૧ના ધરતીકંપે જેમ ધરતીકંપથી રક્ષિત મકાનો પ્રચલિત કર્યાં તેમ તજજ્ઞો પાસેથી પૂર–રક્ષિત મકાનોના લક્ષણો તૈયાર કરાવી પ્રચલિત કરવા જોઇએ, જેથી મકાનોના નૂકશાનને ઘટાડી શકાય.

૮. અગાઉ ખેતરો, પાક અને વૃક્ષોના કે પ્રાણીઓના સંરક્ષણ માટે લાંબી વિચારણા થઇ હોય એવું લાગતું નથી હકિકતમાં ખેતરોને બચાવવા શું અને કેટલું થઇ શકે તે શોધવા તજજ્ઞોની એક સમિતિ બનવી જોઇએ.

૯. આપત્તિ વ્યવસ્થાપનના લાંબા ગાળાના આયોજનમાં તમામ અસરકર્તાઓની સાથે સંયોજન કરવું અને ચોમાસા પહેલા આ બધાની સાથે ચર્ચા કરી ચોમાસાથી કોઇ નૂકશાન ન થાય અને પાણીનો કાર્યક્ષમ સંગ્રહ થઇ શકે તે માટે આયોજન થવું જોઇએ.

૧૦. આપણા દેશમાં પૂરનો પ્રશ્ન મહદંશે ડ્રેનેજનો પ્રશ્ન છે. જે તે વિસ્તારનું પાણી યોગ્ય રીતે કોઇ નદી–તળાવ, રણ, દરિયા સુધી પહોંચી શકે એવું આયોજન હોવું જોઇએ. નહેરો, ગટરો અને કાંસ વિગેરે નિયમિત સાફ થવા જોઇએ.

૧૧. ૨૦૧૫ અને અગાઉના બનાસકાંઠાના પૂરના અનુભવ તથા રાજયના અન્ય પૂરના અનુભવો દર્શાવે છે કે આજિવિકા પુન:સ્થાપનમાં આપણે નબળા પડ્યા છીએ. આજિવિકા પુન:સ્થાપન લાંબા ગાળાનો વિચાર માંગે છે. પૂરની સંભાવના જ્યાં વધારે હોય ત્યાં ખેતી, પશુપાલન સિવાયના આજીવિકાના

સાધનો શોધવાની જરૂર છે. વળી આજીવિકા પુન:સ્થાપન માટે નાણાકીય સહાય ઉપરાંત બીજાં પણ માર્ગ છે, જેના પર ચોક્કસ દિશામાં વિચાર થવો જોઇએ.

આમ બનાસકાઠાંના પૂરે બતાવ્યું કે આપણે ત્યાં ૨૦ ઇંચ જેટલો વરસાદ પણ કેટલી મોટી આપત્તિ સર્જી શકે છે. પણ આ પૂરના વ્યવસ્થાપને એ પણ બતાવ્યું કે હવે આપણી પાસે કુદરતી આપત્તિઓ સામે લડવાની પૂરી તાકાત છે,માણસોને તાત્કાલિક તકલીફોમાં રાહત આપવાની આવડત અને તાકાત છે. સંયોજન, કુશળ વ્યવસ્થાપન અને ટેકનોલોજીએ બનાસકાંઠાને એક મોટી હોનારતમાંથી માત્ર ગણતરીનાં સમયમાં ધબકતું કરી દીધું. આ અનુભવોને ધ્યાને લઇએ, આવો ભવિષ્યમાં આવી આપત્તિઓની અસર નગણ્ય બનાવવા કામે લાગી જઇએ.



***"Bad things do happen in the world like war, natural disaster, disease.***
***But out of those situations always arise stories of ordinary people doing extra ordinary things"***
*- Daryn Kagan*

## પરિશિષ્ટ -૧

## બનાસકાંઠ જીલ્લો

### છેલ્લા દસ વર્ષનો વર્ષવાર તથા સેરેરાશ વરસાદ (મીલીમીટરમાં)

| અ.નં | તાલુકો | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ | સેરેરાશ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમીરગઢ | ૧૪૮૨ | ૯૪૯ | ૫૧૮ | ૮૫૦ | ૮૯૦ | ૮૫૯ | ૯૭૪ | ૬૩૮ | ૯૭૨ | ૬૯૫ | ૮૮૨.૭ |
| ૨. | ભાભર | ૪૯૦ | ૪૦૫ | ૩૧૧ | ૬૦૫ | ૫૯૦ | ૩૦૪ | ૧૦૨૮ | ૩૦૯ | ૮૪૪ | ૩૪૮ | ૫૨૩.૪ |
| ૩. | દાંતા | ૮૯૨ | ૫૨૩ | ૫૩૬ | ૮૮૫ | ૧૨૪૫ | ૭૯૫ | ૯૧૯ | ૬૮૯ | ૯૨૪ | ૭૫૮ | ૮૧૬.૬ |
| ૪. | દાંતીવાડા | ૮૦૩ | ૫૬૬ | ૩૮૦ | ૯૪૭ | ૭૭૫ | ૬૨૫ | ૧૦૩૮ | ૬૦૪ | ૧૦૦૮ | ૫૮૫ | ૭૩૩.૧ |
| ૫. | ધાનેરા | ૫૧૮ | ૫૩૯ | ૨૭૬ | ૯૯૪ | ૪૮૧ | ૨૮૭ | ૭૮૯ | ૩૫૧ | ૧૨૨૨ | ૩૯૨ | ૫૮૪.૯ |
| ૬. | દિયોદર | ૪૮૫ | ૪૦૪ | ૩૭૧ | ૬૪૧ | ૬૦૩ | ૩૮૧ | ૧૧૩૦ | ૬૨૦ | ૮૭૯ | ૪૫૨ | ૫૯૬.૬ |
| ૭. | ડીસા | ૭૦૬ | ૪૯૨ | ૪૦૨ | ૧૦૨૭ | ૭૫૪ | ૪૩૧ | ૧૧૩૪ | ૮૩૩ | ૧૦૬૮ | ૪૫૨ | ૭૨૯.૯ |
| ૮. | કાંકરેજ | ૬૩૯ | ૩૭૪ | ૨૬૯ | ૬૫૨ | ૫૨૯ | ૨૭૦ | ૭૩૨ | ૫૧૭ | ૭૬૦ | ૪૧૫ | ૫૧૫.૭ |
| ૯. | પાલનપુર | ૧૩૭૪ | ૫૧૧ | ૩૭૪ | ૯૦૧ | ૧૧૩૩ | ૫૩૭ | ૯૧૧ | ૭૮૭ | ૯૫૪ | ૬૩૦ | ૮૨૧.૨ |
| ૧૦. | થરાદ | ૫૪૪ | ૩૩૯ | ૨૫૩ | ૬૭૧ | ૫૭૦ | ૨૪૦ | ૮૪૬ | ૨૦૫ | ૭૭૯ | ૧૯૫ | ૪૬૪.૨ |
| ૧૧. | વાવ | ૧૦૨૮ | ૫૦૨ | ૩૨૦ | ૧૩૦૪ | ૬૪૭ | ૨૩૬ | ૭૮૯ | ૨૧૯ | ૭૬૦ | ૨૨૧ | ૬૦૨.૬ |
| ૧૨. | વડગામ | ૧૧૬૧ | ૬૧૬ | ૪૮૯ | ૭૯૧ | ૧૦૭૮ | ૫૨૨ | ૯૮૦ | ૮૬૫ | ૯૨૬ | ૫૮૬ | ૮૨૧.૩ |
| ૧૩. | લાખણી | - | - | - | - | - | - | ૮૭૧ | ૪૧૭ | ૯૬૩ | ૩૯૨ | ૬૬૦.૮ |
| ૧૪. | સુઇગામ | - | - | - | - | - | - | ૯૩૬ | ૧૪૦ | ૯૪૬ | ૪૦૭ | ૬૦૭.૩ |
| **બનાસકાંઠા જીલ્લો– સેરેરશ** | | **૮૪૪** | **૫૧૮** | **૩૭૫** | **૮૫૬** | **૭૭૫** | **૪૫૭** | **૯૩૪** | **૫૧૪** | **૯૨૯** | **૪૬૬** | **૬૬૯** |

# પરિશિષ્ટ-૨

## પૂર ૨૦૧૭

### બનાસકાંઠા જીલ્લામાં જૂલાઈ માસમાં પડેલ વરસાદની દિવસવાર વિગત (મીલીમીટરમાં)

| ક્રમ | તારીખ | કુલ વરસાદ | દિવસવાર વરસાદ | સરેરાશ વરસાદના ટકા |
|---|---|---|---|---|
| ૧ | ૦૧/૦૭/૨૦૧૭ | ૧૦૫ | ૩૦ | ૫ |
| ૨ | ૦૨/૦૭/૨૦૧૭ | ૧૮૦ | ૭૪ | ૧૨ |
| ૩ | ૦૩/૦૭/૨૦૧૭ | ૧૯૪ | ૧૪ | ૨ |
| ૪ | ૦૮/૦૭/૨૦૧૭ | ૧૯૫ | ૧ | ૦ |
| ૫ | ૧૧/૦૭/૨૦૧૭ | ૧૯૫ | ૦ | ૦ |
| ૬ | ૧૨/૦૭/૨૦૧૭ | ૧૯૫ | ૦ | ૦ |
| ૭ | ૧૩/૦૭/૨૦૧૭ | ૧૯૭ | ૨ | ૦ |
| ૮ | ૧૪/૦૭/૨૦૧૭ | ૨૦૧ | ૪ | ૧ |
| ૯ | ૧૫/૦૭/૨૦૧૭ | ૨૬૧ | ૬૦ | ૧૦ |
| ૧૦ | ૧૬/૦૭/૨૦૧૭ | ૨૭૦ | ૧૦ | ૨ |
| ૧૧ | ૧૭/૦૭/૨૦૧૭ | ૨૭૮ | ૮ | ૧ |
| ૧૨ | ૧૯/૦૭/૨૦૧૭ | ૨૮૮ | ૧૦ | ૨ |
| ૧૩ | ૨૦/૦૭/૨૦૧૭ | ૨૯૦ | ૨ | ૦ |
| ૧૪ | ૨૧/૦૭/૨૦૧૭ | ૩૦૯ | ૧૯ | ૩ |
| **૧૫** | **૨૨/૦૭/૨૦૧૭** | **૩૩૮** | **૨૯** | **૫** |
| **૧૬** | **૨૩/૦૭/૨૦૧૭** | **૩૯૭** | **૧૮૨** | **૩૦** |
| **૧૭** | **૨૪/૦૭/૨૦૧૭** | **૫૭૯** | **૧૮૨** | **૩૦** |
| **૧૮** | **૨૫/૦૭/૨૦૧૭** | **૮૩૬** | **૨૫૭** | **૪૩** |
| **૧૯** | **૨૬/૦૭/૨૦૧૭** | **૯૦૭** | **૭૧** | **૧૨** |
| ૨૦ | ૨૭/૦૭/૨૦૧૭ | ૯૨૮ | ૨૧ | ૪ |
| ૨૧ | ૨૮/૦૭/૨૦૧૭ | ૯૫૦ | ૨૨ | ૪ |
| ૨૨ | ૨૯/૦૭/૨૦૧૭ | ૯૭૮ | ૨૮ | ૫ |
| ૨૩ | ૩૦/૦૭/૨૦૧૭ | ૧૦૦૬ | ૨૮ | ૫ |
| ૨૪ | ૩૧/૦૭/૨૦૧૭ | ૧૦૧૬ | ૦ | ૦ |

# પરિશિષ્ટ –૩

## રૂબરૂ મુલાકાતીઓના નામ

| ક્રમ | ગામ/તાલુકાનું નામ | નામ | હોદ્દો |
|---|---|---|---|
| ૧. | પાલનપુર | શ્રી દિલીપ કુમાર રાણા | કલેક્ટરશ્રી બનાસકાંઠા |
| ૨. | પાલનપુર | શ્રી અમીત અરોરા | જીલ્લા વિકાસ અધિકારીશ્રી બનાસકાંઠા |
| ૩. | ધાનેરા | શ્રી નવનાથ ગવ્હાણે | આસી.કલેક્ટર |
| ૪. | પાલનપુર | શ્રી એલ.બી.બાંભણિયા | નિવાસી એડિશનલ કલેક્ટરશ્રી |
| ૫. | પાલનપુર | શ્રી અભિષેકભાઇ ગોહિલ | નાયબ મામલતદારશ્રી |
| ૬. | ધાનેરા | શ્રી એમ. થેન્નારસન | કમિશ્નરશ્રી<br>સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, સુરત |
| ૭. | ધાનેરા | શ્રી એન.એમ.ત્રિવેદી | જોઇન્ટ કમિશ્નરશ્રી<br>(ઇન્ડસ્ટ્રીટ કમિશ્નર ઓફિસ– ગાંધીનગર) |
| ૮. | ધાનેરા | શ્રી ડિ.આર. પરમાર | નાયબ કમિશ્નરશ્રી<br>(ઇન્ડસ્ટ્રીઝ કમિશ્નર ઓફિસ– ગાંધીનગર) |
| ૯. | સુઇગામ | શ્રી કે. એચ. ઉપલાણા | તાલુકા વિકાસ અધિકારી સુઇગામ |
| ૧૦. | લાખણી | શ્રી અનીલભાઇ ઠક્કર | ઇન્ચાર્જ મામલતદારશ્રી, લાખણી તાલુકો |
| ૧૧. | સુઇગામ | શ્રી દિનેશભાઇ પટેલિયા | મામલતદારશ્રી,સુઇગામ |
| ૧૨. | ડિસા | શ્રી એન.એલ.ડામોર | મામલતદારશ્રી ડીસા |
| ૧૩. | ડિસા | શ્રી સી. એમ. દરજી | તાલુકા વિકાસ અધિકારી ડિસા |
| ૧૪. | વાવ | શ્રી શિવાજી તબિયાર | નાયબ કલેક્ટરશ્રી,વાવ તાલુકો |
| ૧૫. | થરાદ | શ્રી અરવિંદભાઇ જે. ત્રીવેદી | નાયબ મામલતદારશ્રી થરાદ |
| ૧૬. | થરાદ | શ્રી નારણભાઇ આર. પટેલ | વિસ્તરણ અધિકારીશ્રી,થરાદ |
| ૧૭. | વાવ | શ્રી વી. વાય. મોરવડીયા | ઇન્ચાર્જ RFO વાવ |
| ૧૮. | વાવ | શ્રી નાનજીભાઇ | વિસ્તરણ અધિકારીશ્રી,વાવ |
| ૧૯. | ધાનેરા | શ્રી પી.બી. તડવી | જનરલ મેનેજરશ્રી<br>(જિલ્લા ઔધોગિક સેન્ટર) |
| ૨૦. | પેછડાલ | શ્રી મેહુલભાઇ ચૌધરી | તલાટીશ્રી પેછડાલ |
| ૨૧. | ધાનેરા | શ્રી કે કે પટેલ | ધાનેરા ડેપો મેનેજરશ્રી |

| ક્રમ | ગામ/તાલુકાનું નામ | નામ | હોદ્દો |
|---|---|---|---|
| ૨૨. | ધાનેરા | શ્રી મેવાભાઈ પટેલ | ટ્રાફિક કન્ટ્રોલર |
| ૨૩. | ધાનેરા | વેપારીઓ | ગંજબજાર ધાનેરા |
| ૨૪. | ધાનેરા | ડૉ. મિતેશ ડાભી | સિ.એચ.સી. સુપ્રિટેન્ડેડ |
| ૨૫. | ધાનેરા | ડૉ. શૈલેન્દ્ર પરમાર | મેડિકલ ઓફિસર |
| ૨૬. | ધાનેરા | ડૉ. કિરન ગજ્જર | ડેંટીસ્ટ |
| ૨૭. | ધાનેરા | ડૉ. તેજલ શાહ | ગાયનેકોલોજીક |
| ૨૮. | ધાનેરા | ડૉ. દિપ ઠક્કર | ફિસીયોથેરાપી |
| ૨૯. | જસરા ગામ | શ્રી ચંદ્રિકાબેન દવે | સરપંચશ્રી |
| ૩૦. | જસરા ગામ | શ્રી મહેશભાઈ દવે | પૂર્વ સરપંચશ્રી |
| ૩૧. | થરાનસર ગામ | શ્રી જગદીશભાઈ રાઠવા | છોટાઉદેપૂર<br>તાલુકા પ્રાથમિક શાળા ઘટક<br>(પ્રમુખ) |
| ૩૨. | લાખાણી | શ્રી માવજીભાઈ કે. પટેલ | સરસ્વતિ વિદ્યાલય,(લાખાણી) |
| ૩૩. | થરાદ | શ્રી કરસણભાઈ ઠાકરજી રાજપુત | ખેડૂત |
| ૩૪. | સુઈગામ | શ્રી વિહાજી રૂપાણી | સરપંચશ્રી, સુઈગામ |
| ૩૫. | ભાપીગામ | શ્રી વિક્રમભાઈ જોષી | સિ.આર.સિ, ભાપી ગામ |
| ૩૬. | ભાપીગામ | શ્રી સવજીભાઈ | કેશડૉલ અને ઘરવખરી સહાય<br>ભાપી ગામ |
| ૩૭. | ભાપીગામ | શ્રી દિનેશકુમાર | કેશડૉલ અને ઘરવખરી સહાય<br>ભાપી ગામ |
| ૩૮. | ભાપીગામ | શ્રી સુરેશભાઈ ત્રીવેદી | આચાર્યશ્રી ભાપીગામ |
| ૩૯. | ભાપીગામ | શ્રી જોષી ગણપતભાઈ | શિક્ષકશ્રી ભાપીગામ |
| ૪૦. | ભાપીગામ | શ્રી રમેશભાઈ | શિક્ષકશ્રી ભાપીગામ |
| ૪૧. | વાવ | શ્રી કરશનભાઈ રાઠોડ | માજી સરપંચશ્રી વાવ |
| ૪૨. | વાવ | શ્રી નગાભાઈ | APMC કર્મચારી |
| ૪૩. | જોરાવરગઢ ગામ | શ્રી રમેશભાઈ ચૌધરી | સરપંચશ્રી,જોરાવરગઢ ગામ |
| ૪૪. | જોરાવરગઢ ગામ | શ્રી રવજીભાઈ માળી | શિક્ષક જોરાવરગઢ ગામ |
| ૪૫. | જોરાવરગઢ ગામ | શ્રી ભાવેશકુમાર દેસાઈ | શિક્ષક જોરાવરગઢ ગામ |
| ૪૬. | જોરાવરગઢ ગામ | શ્રી કિંજલબેન મોદી | શિક્ષક જોરાવરગઢ ગામ |
| ૪૭. | જોરાવરગઢ ગામ | શ્રી વિશાલકુમાર સેંઘવ | શિક્ષક જોરાવરગઢ ગામ |
| ૪૮. | જોરાવરગઢ ગામ | ડૉ. ભગવાનભાઈ જી. પટેલ | આચાર્ય જોરાવરગઢ ગામ |
| ૪૯. | ડિસા | શ્રી પ્રકાશભાઈ | કૉ-ઓર્ડિનેટર<br>ગાયત્રી મંદિર ડિસા |
| ૫૦. | પેછડાલ | શ્રી ઈશ્વરભાઈ | ગામવાસી |






**પ્રસ્તુતકર્તા**
રુરલ ડેવલપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યુટ
૪૧૧/૧, એસ. જી. રોડ, નન્દિની નિલયમ્ સંસ્કૃતિ
સભા ગૃહની બાજુમાં, પંજાબ નેશનલ બેન્કની બાજુમાં,
ગોતા ચાર રસ્તા, ગોતા, અમદાવાદ – ૩૮૨૪૮૧
ફોન નંબર – (૦૭૯)૨૭૬૬૩૬૩૩/૩૨૨૦
ઇ મેઇલ – rudmi1997@gmail.com